# ઓન્કોલોજીસ્ટ તરીકે એશિયાનું પ્રતિનિધિત્વ



## ડૉ. કૌશલ પટેલ

**ઓન્કોલોજીસ્ટ**

કેન્સર... આ નામ સાંભળતાની સાથે જ ભલભલાના હોંશ ઊડી જાય છે.કારણ કે લોકોના માનસમાં અસાધ્ય રોગ તરીકે તે ઘર કરી ગયું છે. પરંતુ જેમ આધુનિક યુગમાં કોઇ કાર્ય અશક્ય નથી તેમ આ રોગ પણ હવે અસાધ્ય રહ્યો નથી. સુરતમાં ઓન્કોલોજીસ્ટ અને હેમેટોલોજિસ્ટ તરીકે એક ખૂબ જ જાણીતું નામ એટલે ડૉ. કૌશલ. બી. પટેલ.

ડૉક્ટરનું મહત્ત્વ ત્યારે જ સમજાય જ્યારે દર્દ થાય અને ડૉક્ટર એ જ બની શકે જે દર્દીનું દર્દ અનુભવી શકે. આવા જ એક લોકોના દુ:ખ દર્દનો અનુભવ કરનાર અને તેમને જેતે દર્દથી મુક્તિ અપાવનાર સુરતના જાણીતા ઓન્કોલોજીસ્ટ અને હેમેટોલોજિસ્ટ ડૉ કૌશલભાઇ પટેલ. ભણવામાં ખૂબ જ તેજસ્વી એવા કૌશલભાઇએ કોઇ અન્ય ક્ષેત્ર કરતા ડૉક્ટર લાઇનમાં જ આગળ વધવાનું નક્કી કર્યું હતું. સામાન્ય રીતે ડૉક્ટર બનવું એટલે ખૂબ જ પરિશ્રમ માંગી લે અને આજીવન કંઇક ને કંઇક શીખતા રહો તેવું કરિયર. કૌશલભાઇએ પોતાના સપનાંઓને સિધ્ધ કરવા દિવસરાત એક કરી નાંખ્યાં. તેમણે એમ.બી.બી.એસ. માં ગોલ્ડમેડલ હાંસલ કર્યો. આ ગોલ્ડમેડલ બાદ તેમણે પોતાની મહેનતમાં વધારો કર્યો અને ટોપરની પોઝિશન જાળવી રાખવાના પ્રયત્નો શરૂ કરી દીધા. ઇન્ટર્નલ મેડિસિન સાથે એમ.ડી. ની ડિગ્રી મેળવવા માટે બી.જે. મેડિકલ કોલેજમાં એડમિશન મેળવ્યું અને એમ. ડી. માં ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો. ત્યાર બાદ ઓન્કોલોજી અને હેમેટોલોજીમાં સુપર સ્પેશિયાલાઇઝેશનની ટ્રેનિંગ માટે ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ ગયા. અહીં તેમની મહેનતને એક નવી ઓળખ મળી મેડિકલ ઓન્કોલોજીમાં ડી.એમ. ક્વોલીફાઇડ કરનાર સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તેઓ પ્રથમ વ્યક્તિ છે. તેમની મહેનતની ગાથા અહીંથી અટકતી નથી તેમણે મેડિકલ ઓન્કોલોજીમાં પોતાના અભ્યાસને વધુ આગળ ધપાવ્યો. કૌશલભાઇએ યુરોપિયન સોસાયટી ઓફ મેડિકલ ઓન્કોલોજી એન્ડ અમેરિકન સોસાયટી ઓફ ક્લિનિકલ ઓન્કોલોજી વિષયમાં ફેલોશીપ મેળવી.

કૌશલભાઇની મહેનતે આજે તેમને આખા સુરત શહેરમાં નામના અપાવી છે. હાલ તેઓ સુરતમાં નાનપુરા અને ભટાર ખાતે પોતાના કેર સેન્ટરમાં મેડિકલ ઓન્કોલોજીસ્ટ તરીકે સેવા આપે છે. આ સાથે તેઓ સુરતની જાણીતી લગભગ તમામ હોસ્પિટલોમાં પણ વિઝિટ માટે જાય છે. આ સાથે તેઓ કેન્સર ટ્રિટમેન્ટના કેમોથેરાપી પાસા સાથે પણ કામ કરી રહ્યા છે. કૌશલભાઇ પટેલ ભારતના બ્રેસ્ટ કેન્સર સારવાર પેનલના ગુજરાતમાંથી એકમાત્ર સભ્ય છે. તેઓ ગુજરાત કે ભારતમાં જ નહીં વિશ્વ કક્ષાએ મેમ્બરશીપ ધરાવે છે. તેઓ યુરોપ અને અમેરિકન સોસાયટીના કેન્સર ગાઇડલાઇનના પણ સદસ્ય છે. આ ઉપરાંત તેમણે તબીબી ક્ષેત્રે ઓન્કોલોજીમાં ઇમ્યુનોથેરાપી માટે તાઇવાનમાં એશિયાનું પ્રતિનિધિત્વ કર્યું.

> ડૉ. કૌશલ પટેલ ભારતના બ્રેસ્ટ કેન્સર સારવાર પેનલના ગુજરાતમાંથી એકમાત્ર સભ્ય છે. તેઓ ગુજરાત કે ભારતમાં જ નહી વિશ્વ કક્ષાએ મેમ્બરશીપ ધરાવે છે

એક ઓન્કોલોજીસ્ટ અને હેમેટોલોજિસ્ટ તરીકે પોતાના અનુભવોને શેર કરતા કૌશલભાઇ જણાવે છે કે, ' કેન્સર એક એવી બીમારી છે કે જેનું નામ સાંભળતા જ દર્દીની સાથે પરિવારના પણ ધબકારા વધી જાય છે. જો કે હાલના સમયમાં વિજ્ઞાન એટલું આગળ વધી ગયું છે કે કેન્સર સામે પણ લડી શકાય છે. કેન્સરથી પિડાતા ૫૦ થી ૬૦ ટકા દર્દીઓને યોગ્ય સારવાર દ્વારા બચાવી શકાય છે. તે સિવાય બાકીના ૪૦ થી ૫૦ ટકા દર્દીઓ કે જે ફોર્થ સ્ટેજના કેન્સરનો શિકાર બન્યા છે તેમને પણ યોગ્ય ટ્રીટમેન્ટ આપી લાંબું અને સ્વસ્થ જીવન આપી શકાય છે. એક સમય એવો હતો જ્યારે કેન્સરની સારવાર માટે મુંબઇ અથવા વિદેશોમાં જવાની ફરજ પડતી હતી જ્યારે આજે સુરતમાં તમે વિશ્વકક્ષાની સારવાર મેળવી શકો છો.'

વધુ જાણવા QR સ્કેન કરો



If you want to achieve excellence, you can get there toay.As of this second, quit doing less than excellent work. - Lyndon B. Johnson